ક્રમાંક:રાવેક/વવટ/વ્ય.વેરો-એમ્નેસ્ટી સ્કીમ/૨૦૧૯-૨૦/જા- ૨૨૧૭

પરિપત્ર નંબર- ૧૦

મુખ્ય રાજય વેરા કમિશનરની કચેરી,
રાજ્ય કર ભવન, આશ્રમ રોડ,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.
તા.૧૨/૦૭/૨૦૧૯.

::પરિપત્ર ::

વિષય: વ્યવસાય વેરા કાયદા હેઠળ જાહેર કરાયેલ રાહત યોજના-૨૦૧૯

સંદર્ભ: ગુજરાત સરકારનાં નાણાં વિભાગનાં તા.૨૮/૦૫/૨૦૧૯ નાં ઠરાવ ક્રમાંક: પફટ/૧૦૨૦૧૯/યુઓઆર/૩-ઠ.

રાજય સરકારશ્રી દ્વારા ગુજરાત વ્યવસાય, વેપાર, ધંધો અને રોજગાર વેરા કાયદા, ૧૯૭૬ હેઠળ વેરાની બાકી રકમની ઝડપી વસુલાત થાય અને આ અંગેનાં પડતર કેસો હવે વધુ સમય પડતર ના રહેતા તેનો તુર્તજ નિકાલ થાય તે માટે "વ્યવસાયીઓ માટેની યોજના-૨૦૧૯" સંદર્ભિત ઠરાવથી બહાર પાડવામાં આવેલ છે. તેની મુખ્ય જોગવાઇઓ નીચે મુજબ છે :

(૧) આ યોજના વ્યવસાયીઓ માટેની યોજના-૨૦૧૯ તરીકે ઓળખાશે.

(૨) આ યોજનાં ગુજરાત વ્યવસાય, વેપાર, ધંધો અને રોજગાર વેરા કાયદા, ૧૯૭૬ હેઠળનાં બાકી વ્યવસાય વેરાને લાગુ પડશે.

(૩) આ યોજનાનો સમયગાળો તા.૦૧/૦૬/૨૦૧૯ થી તા.૩૧/૦૮/૨૦૧૯ નો રહેશે.

(૪) વ્યવસાયીઓ માટેની જોગવાઇ:

(અ) બિન-નોંધાયેલ વ્યવસાયીઓ માટે

જે વ્યકતી કે સંસ્થા શેડયુલ-૧ ની નોંધ-૨ થી ૧૦ પૈકી કોઇ નોંધ હેઠળ એનરોલમેન્ટ કરાવવા પાત્ર હોય, પરંતુ હજુ સુધી નોંધણી કરાવેલ નથી તેવી વ્યકિત કે સંસ્થા તા.૦૧/૦૬/૨૦૧૯ થી તા.૩૧/૦૮/૨૦૧૯ સુધીનાં સમય દરમ્યાન વ્યવસાય વેરા નંબર મેળવવા નિયમોનુસાર અરજી કરે અને ઉકત સમય દરમ્યાન નિયત દરે ભરવા પાત્ર રકમ ભરે તેને તરત જ એનરોલમેન્ટ પ્રમાણપત્ર આપવામાં આવશે અને દંડ તેમજ શિક્ષાત્મક કાર્યવાહીમાંથી મુક્તિ આપવામાં આવશે.

(બ) નોંધાયેલ વ્યવસાયીઓ માટે માફી યોજના

જે વ્યવસાયીઓ વ્યવસાય વેરા કાયદા હેઠળ એનરોલમેન્ટ પ્રમાણપત્ર ધરાવે છે, પરંતુ કોઇ કારણોસર વ્યસાય વેરો ભર્યો નથી, તેવા વેરાનાં કસૂરદારો જેટલાં વર્ષનો વ્યવસાય વેરો બાકી હોય તેટલા વર્ષની વ્યવસાય વેરાની રકમ નિયત દરે ભરી નિયત નમુનામાં અરજી કરે તો, આકારવાપાત્ર વ્યાજમાંથી મુકતી આપવામાં આવશે.

(૫) એમ્પ્લોયર માટેની જોગવાઇ:

(અ) બિન-નોંધાયેલા નિયોકતાઓ (એમ્પ્લોયર) માટે માફી યોજના.

આ યોજના અન્વયે કામે રાખનાર (નિયોકતા) કે જેઓએ વ્યવસાય વેરા હેઠળ નોંધણી દાખલો મેળવેલ નથી અને વેતનદારો પાસેથી વ્યવસાય વેરો ઉઘરાવેલ નથી તેમજ જમા કરાવેલ નથી તેઓ તા.૦૧/૦૬/૨૦૧૯ થી તા.૩૧/૦૮/૨૦૧૯ નાં સમય દરમ્યાન રજીસ્ટ્રેશન મેળવવા માટે અરજી કરે અને નિયત દરે ભરવાપાત્ર રકમ ભરે તેને રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર આપવામાં આવશે અને તેઓને દંડકીય અને શિક્ષાત્મક કાર્યવાહીમાંથી મુકતી આપવામાં આવશે.

(બ) નોંધાયેલા નિયોકતાઓ (એમ્પ્લોયર) માટે માફી યોજના.

આ યોજના અન્વયે કામે રાખનારે (નિયોકતાએ) તેમનાં વેતનદારો પાસેથી વ્યવસાય વેરો ઉઘરાવેલ હોય, પરંતુ જમા કરાવેલ નથી તેવા કામે રાખનાર, ઉઘરાવેલ વ્યવસાય વેરાની રકમ અને ઉપરાંત માસિક ૧.૫ % લેખે વ્યાજની રકમ ચલણથી અથવા ચેક / ડ્રાફટથી ભરે તો તેઓને દંડકીય કાર્યવાહીમાંથી મુકતી આપવામાં આવશે અને જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવશે.

આ સમાધાન યોજનાનો લાભ લેવા માંગતી સંસ્થાઓ / વ્યવસાયીઓએ સંબંધિત સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ કે રાજય વેરા કચેરી પાસેથી આ યોજના હેઠળની અધિકૃત નિયત નમુનાની આ સાથે સામેલ બિડાણ-૧/૨ માં દર્શાવ્યા મુજબની અરજી મેળવી લેવાની રહેશે, જેની સંપૂર્ણ વિગતો ભરી આધારા-પુરાવા સહિતની બાકી રકમનું ચલણ સાથે રાખી તા.૩૧/૦૮/૨૦૧૯ સુધીમાં સંબંધિત કચેરીમાં રજૂ કરવાનું રહેશે.

તા.૦૧/૧૦/૨૦૦૬ થી એનરોલમેન્ટ ધારકો પાસેથી વ્યવસાય વેરો ઉઘરાવવાની સત્તાઓ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને સોંપાયેલ હોઈ, આવા કેસોમાં તે સંસ્થાઓ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવશે. જ્યારે નોટીફાઈડ એરીયાના એનરોલમેંટ ધારકોની કામગીરી સક્ષમ રાજ્ય વેરા કચેરીઓએ હાથ ધરવાની રહેશે. વર્ષ-૨૦૦૮ ના સુધારા મુજબ જે વ્યવસાયીઓનુ રજીસ્ટ્રેશન / એનરોલમેન્ટ જે સ્થાનિક સ્વરાજય સંસ્થાઓના કાર્યક્ષેત્રમાં હોય તે સંસ્થાઓ દ્વારા રજીસ્ટ્રેશનને લગતાં વેરાઓ આનુષંગિક વ્યાજ અને દંડની માફી અંગેની ઉકત કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

બિડાણ: એકરાર પત્રક નમૂનો-૧ તથા ૨

-સહી-

(ડૉ. પી. ડી. વાઘેલા)

મુખ્ય રાજ્ય વેરા કમિશનર

ગુજરાત રાજ્ય, અમદાવાદ

<u>નકલ સાદર રવાના પ્રતિ:</u>

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જાણ અર્થે

(૨) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ તથા રાજકોટને જાણ અર્થે.

(૩) અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરને તાબાની ડેઝિગ્નેટેડ ઓથોરિટીને જરુરી યોગ્ય કાર્યવાહી માટે મોકલી આપવા વિનંતીસહ.

(૪) અગ્ર સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, ગાંધીનગરને તાબાની ડેઝિગ્નેટેડ ઓથોરિટીને જરુરી યોગ્ય કાર્યવાહી માટે મોકલી આપવા વિનંતીસહ.

<u>નકલ રવાના પ્રતિ:</u>

(૧) સઘળાં અધિક રાજય વેરા કમિશનરશ્રીઓને.

(૨) સઘળાં સંયુકત રાજય વેરા કમિશનરશ્રીઓને.

(૩) સઘળાં નાયબ રાજય વેરા કમિશનરશ્રીઓને.

(૪) તમામ ઘટક-૧ થી ૧૦૩ ની કચેરીઓને.

(૫) આ કચેરીની સઘળી શાખાઓને.

(૬) આ કચેરીની ઇ-ગવર્નન્સ શાખાને વેબ-સાઇટ પર પ્રસિધ્ધ કરવા સારુ.

(૭) આ કચેરીની દફતર શાખાને ૧૦ નકલ.

(એચ.જે.પ્રજાપતિ)

અધિક રાજય વેરા કમિશનર (વહીવટ)

ગુજરાત રાજ્ય, અમદાવાદ

બિન નોંધાયેલ વ્યવસાયીઓ / નિયોકતાઓ માટે

<u>એકરાર નામું-૧</u>

વ્યવાસયીઓ માટેની યોજના-૨૦૧૯

<u>તા.૧/૬/૨૦૧૯ થી ૩૧/૮/૨૦૧૯ સુધી</u>

વ્યવસાયીઓ માટેની યોજના-૨૦૧૯ (એમ્નેસ્ટી સ્કીમ) અન્વયે લાભ લેનાર નિયોકતા કે વ્યવસાયીએ આપવાનું એકરાર નામું-૧

આથી હું નીચે સહી કરનાર ____________________ ગુજરાત રાજય, વ્યવસાય, વ્યાપાર, ધંધો અને રોજગાર વેરા અધિનિયમ,૧૯૭૬ અન્વયે રજીસ્ટ્રેશન / એનરોલમેન્ટ મેળવવા જવાબદાર થાઉ છું.

ગુજરાત સરકારે ઠરાવ ક્રમાંક : પફટ/ ૧૦૨૦૧૯/યુઓઆર/૩-ઙ. તા.૨૮/૦૫/૨૦૧૯ અન્વયે બહાર પાડેલ વ્યવસાયીઓ માટેની યોજના (એમ્નેસ્ટી સ્કીમ) અન્વયે લાભ મેળવવા ઇચ્છું છું.

આથી હું પ્રતિજ્ઞાપૂર્વક જાહેર કરૂં છું કે, ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ,૧૯૭૬ ની જોગવાઇઓ અન્વયે રજીસ્ટ્રેશન એનરોલમેન્ટ મેળવવા અને વ્યવસાય વેરો ભરવાની મારી જવાબદારી/ .તા __________ થી ઉપસ્થિત થાય છે. સદર તારીખ ________ થી ________ સુધીમાં ઉકત અધિનિયમ હેઠળ વખતો-વખત નિયત કરેલ દર મુજબ વ્યવસાય વેરા પેટે રૂા. ________ ની રકમ ભરવાપાત્ર થાય છે. આ રકમ માટેનું ચલન તા.__________ આ સાથે રજૂ કરૂં છું.

મારી આ સ્વૈચ્છિક જાહેરાત સ્વીકારી સમયસર નોંધણી ન મેળવવા બદલ ક્ષતિ માફ કરી દંડ તથા વ્યાજ મુક્તિની રાહત આપી મને નોંધણી નંબર આપવા વિનંતી છે. આ સાથે રજીસ્ટ્રેશન માટે નિયત નમુનો -૧ / એનરોલમેન્ટ માટે નિયત નમૂનો-૩ (જે લાગુ પડે તે સિવાયનું છેકી નાંખો). આપને સાદર કરૂં છું.

સ્થળ :  સહી ________________

તારીખ :  નિયોકતા / વ્યવસાયીનું નામ-સરનામું:

નોંધાયેલ વ્યવસાયીઓ / નિયોકતાઓ માટે

**એકરાર નામું-૨**

વ્યવાસયીઓ માટેની યોજના-૨૦૧૯

તા.૧/૬/૨૦૧૯ થી ૩૧/૮/૨૦૧૯ સુધી

વ્યવસાયીઓ માટેની યોજના (એમ્નેસ્ટી સ્કીમ) અન્વયે લાભ લેનાર વ્યવસાયીઓ / નિયોકતાએ આપવાના એકરારનો નમૂનો-૨.

આથી હું નીચે સહી કરનાર ____________________ ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ, ૧૯૭૬ અન્વયે એનરોલમેન્ટ સર્ટિફિકેટ / રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ નંબર ________ ધરાવું છું અને ઉકત વેરો ભરવા જવાબદાર છું.

ગુજરાત સરકારે ઠરાવ ક્રમાંક :પફટ/૧૦૨૦૧૯/યુઓઆર/૩-ઠ તા.૨૮/૦૫/૨૦૧૯ થી બહાર પાડેલ વ્યવસાયીઓ માટેની યોજના-૨૦૧૯ (એમ્નેસ્ટી સ્કીમ) અન્વયે લાભ મેળવવા ઇચ્છું છું.

આથી, હું પ્રતિજ્ઞાપૂર્વક જાહેર કરૂં છું કે ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ,૧૯૭૬ ની જોગવાઇઓ મુજબ,-

૧) તા._______ થી _______ સુધીના નિયત કરેલ દર મુજબ મેં વેરો ઉઘરાવી ભરેલ ન હોઇ વ્યવસાય વેરા પેટે રૂા.__________ તથા વ્યાજ પેટે રૂા. _________ ભરવા જવાબદાર છું. આ રકમ માટેનું ચલન તા._______ આ સાથે રજૂ કરૂં છું.

   મારી આ રજુઆત સ્વીકારી સમયસર વેરો ન ભરવા બદલ ક્ષતિ માફ કરી દંડ માફ કરવા વિનંતી છે.

૨) તા._______ થી _______ સુધી વ્યવસાયી તરીકે નિયત કરેલ દર મુજબ હું વ્યવસાય વેરા પેટે રૂા.__________ ભરવા જવાબદાર છું. આ રકમ માટેનું ચલન તા._______ આ સાથે રજૂ કરૂં છું.

મારી આ રજુઆત સ્વીકારી સમયસર વેરો ન ભરવા બદલ ક્ષતિ માફ કરી વ્યાજ તથા દંડ માફ કરવા વિનંતી છે.

સ્થળ : સહી ______________

તારીખ : નિયોકતા / વ્યવસાયીનું નામ-સરનામું: